GJJM100011422025

**<u>આંક ૧ લગત હુકમ</u>**

1. હાલની દરખાસ્ત વાદી તરફે મુળ નામદાર કોટડા સગાણી કોર્ટમાં દાખલ કરેલ અને ત્યારબાદ નામદાર કોટડાસાંગાણી કોર્ટ એ હાલની દરખાસ્ત માં જણાવેલ દરખાસ્ત પ્રતિવાદી ધ્રોલ ની હકુમતમાં રહેતા હોઇ તેમજ ધ્રોલમાં મિલકત ધરાવતા હોઇ અત્રે ટ્રાન્સફર કરેલ હોઇ હાલની દરખાસ્ત અત્રે દાખલ કરવામાં આવેલ છે.

2. હાલની દરખાસ્ત દાખલ થયા બાદ દરખાસ્ત પ્રતિવાદી ને નોટીસ કરતા દરખાસ્ત પ્રતિવાદી ને કરેલ નોટીસ આંક ૮ ધ્યાને લેતા રજીસ્ટર્ડ પોસ્ટ મારફત બજી ગયેલ છે પરંતુ દરખાસ્ત પ્રતિવાદી હાજર રહેલ ન હોઇ દરખાસ્ત વાદી એ આંક ૯ થી હાલની દરખાસ્તમાં જણાવેલ પ્રતિવાદીની ધ્રોલ તાલુકામાં આવેલ મિલકતો અંગેની માહીતી રજુ કરવા મુદત માંગવામાં આવેલ જે મંજુર કરવામાં આવેલ અને ત્યારબાદ ફરીથી દરખાસ્ત વાદી એ આંક ૧0 થી હાલની દરખાસ્તમાં જણાવેલ પ્રતિવાદીની ધ્રોલ તાલુકામાં આવેલ મિલકતો અંગેની માહીતી રજુ કરવા મુદત માંગવામાં આવેલ જે લગત છેલ્લી મુદત મંજુર કરવામાં આવેલ અને ત્યારબાદ ફરીથી દરખાસ્ત વાદી એ આંક ૧૧ થી હાલની દરખાસ્તમાં જણાવેલ પ્રતિવાદીની ધ્રોલ તાલુકામાં આવેલ મિલકતો અંગેની માહીતી રજુ કરવા મુદત માંગવામાં

આવેલ જે લગત વિગતવાર હુકમ કરી મુદત અરજી નામંજુર કરવામાં આવેલ છે અને હાલની દરખાસ્ત તારીખ ૧૬/૦૨/૨૦૨૬ ના રોજ આખરી હુકમ માટે રાખવામાં આવેલ પરંતુ તારીખ ૧૬/૦૨/૨૦૨૬ ના રોજ દરખાસ્ત વાદી તરફે કોઇ રજુઆત કરવામાં આવેલ નથી કે દરખાસ્ત પ્રતિવાદી ની કોઈ મિલકતો ની માહીતી રજુ કરવામાં આવેલ નથી અને આજ રોજ પણ દરખાસ્ત વાદી તરફે કોઇ રજુઆત કરેલ નથી.

3. આમ, ઉપરોકત તમામ કારણો ધ્યાને લેતા હાલની દરખાસ્ત અરજી અંગે ન્યાય ના વિશાળ હિતમાં નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

1. હાલની દરખાસ્ત અરજી ફેસલ કરવામાં આવે છે.
2. ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

ઉપરોકત હુકમ આજ સને ૨૦૨૬ ના માર્ચ મહીના ની તારીખ ૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

ધ્રોલ.
તારીખ ૨૫/03/૨૦૨૬

(મિલાપ એ.કોટડીયા)
કોડ નંબર જીજે ૦૧૬૪
પ્રિન્સીપાલ સિવિલ જજ,
ધ્રોલ.

**પ્રિન્સીપાલ સિવિલ જજ,**
**ધ્રોલ.**